ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૫-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

સોનિયા ગાંધીની સમજદારી

કર્ણાટકમાં નિર્ણાયક વિજય મેળવ્યા પછી કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી વધુ વિનમ્ર બન્યાં છે અને જનમાનસમાં પાર્ટીની ઈમેજ સુધરે એ દિશામાં ત્વરિત પગલાં લઈ એમણે ખાડે ગયેલા સરકારી તંત્રને સમયસર સુધારી લેવાનો પ્રયાસ કર્યો છે. છબી પૂરેપૂરી ખરડાઈ ચૂકી હતી. હવે કડક નિર્ણય લઈ કોહ્યું ત્યાંથી કાપી નાખ્યા વગર બીજો વિકલ્પ જ નહોતો બચ્યો. આ એક પ્રકારની ડેમેજ કંટ્રોલ એક્સરસાઈઝ છે. સોનિયા ગાંધી મૂળે મધર ટેરેસા જેવાં શુદ્ધ સાધ્વીને અનુસરનારાં કેથોલિક મહિલા છે. યુપીએનાં સમાજવાદી પાર્ટી જેવા સાથી પક્ષો સહિત સમગ્ર વિપક્ષ સંસદ સત્ર ચાલુ હતું એ દરમિયાન જ બંને ભ્રષ્ટ મંત્રીઓનાં રાજીનામા માગી રહ્યો હતો. કોંગ્રેસના કોર ગ્રુપની બેઠકમાં રાહુલ ગાંધીએ મંત્રીઓનો બચાવ ન કર્યો હોત તો રાજીનામાં કદાચ વહેલાં પડી ગયા હોત અને ભાજપે સંસદ ચાલવા દીધી હોત. સુષમા સ્વરાજ તથા ભાજપ પ્રમુખ રાજનાથનો આ અભિગમ યુપીએ સરકારને સંસદમાં ઉઘાડી પાડવા માટેનો હતો. એથી વ્યૂહાત્મક રીતે સંસદ સંત્ર કોઈ પણ કામગીરી વગર પૂરું થયા દેવાયું, જેનો દોષનો ટોપલો બેઉ રાષ્ટ્રીય પક્ષો એકબીજાનાં શિરે ઢોળી રહ્યા છે. સોનિયા ગાંધી અને વડાપ્રધાન મનમોહનસિંહ વચ્ચે પણ મંત્રીઓનાં રાજીનામાના મુદ્દે મતભેદ હતો. બેઉ મંત્રીઓ પંજાબી પૃષ્ઠભૂમિ ધરાવતા હોઈ વડાપ્રધાનના વિશ્વાસુ હતા. અશ્વિની કુમારને કોલસા કૌભાંડ સાથે સીધી રીતે કશી જ લેવા દેના નહોતી. એમણે સીબીઆઈના સ્ટેટસ રિપોર્ટમાં ફેરફાર કરાવી વડાપ્રધાનને જ બચાવવાનો પ્રયાસ કર્યો હતો, કારણ કે કોલબ્લોકની વહેંચણી થઈ ત્યારે કોલસા ખાતુ વડાપ્રધાન હસ્તક હતું. સીબીઆઈએ સર્વોચ્ચ અદાલતનો આદેશ અવગણીને એના ડ્રાફ્ટ રિપોર્ટમાં, એની ભાષામાં બલકે સર્વોચ્ચ અદાલતનાં અભિપ્રાય મુજબ તો એના 'આત્મા'માં કાયદામંત્રીના આદેશ મુજબ ફેરફારો કર્યા એથી એની શાખ તળિયે બેસી ગઈ હતી. એથી જયારે સર્વોચ્ચ અદાલતે સીબીઆઈને સરકારના પઢાવેલા પોપટની ઉપમા આપી તે વખતે પણ એનાં નિર્દેષક રણજિત સિન્હાએ એટલું જ કહ્યું હતું : 'સર્વોચ્ચ અદાલતે જે કંઈ કહ્યું છે તે સાચું જ કહ્યું છે.' સીબીઆઈ જેવી તપાસ એજન્સીને સરકારના સકંજામાંથી મુક્ત કરવાની સર્વોચ્ચ અદાલતની ભલામણ વિશે પણ યુપીએ સરકાર તાબડતોબ કામે લાગી ગઈ છે તે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની ધાકનું જ પરિણામ છે. આગામી ૨૦૧૪ની ચૂંટણીમાં પ્રજાના આક્રોશથી બચવા માટે જે કંઈ કરવાજોગું લાગશે તે હવે યુપીએ સરકાર કર્યા કરશે. બે વરિષ્ઠ અને વડાપ્રધાનની અંગત પસંદગીના મંત્રીઓનાં માથા વધેરીને યુપીએ સરકાર અને સવિશેષ કોંગ્રેસ પોતાની ખરડાયેલી છબી સુધારવાની કસરત કરી રહી છે. એ જ રીતે કર્ણાટકમાં મુખ્યમંત્રી પદે કોઈ ઉપરથી લદાયેલા નેતાને નહીં મૂકતા જેના નેતૃત્વ હેઠળ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ભાજપ સરકાર સામે કોંગ્રેસ પાર્ટીએ ઝીંક ઝીલી હતી એવા વિધાનસભાનાં વિપક્ષનાં નેતા તરીકે સફળ કામગીરી બજાવનાર સિદ્ધિરામૈયાના શિરે મુખ્યમંત્રીનો તાજ મુકી હાઈકમાન્ડે સ્થાનિક નેતાગીરીને અને ચૂંટાયેલાં ધારાસભ્યોનાં અભિપ્રાયને વજૂદ આપ્યું છે. આ એક આવકાર્ય પગલું છે. સામાન્ય રીતે એવી પરંપરા રહ્યા કરી છે કે ચૂંટાયેલાં ધારાસભ્યો ભેગા મળીને કેન્દ્રીય નિરીક્ષકોની સૂચના મુજબસ એક લીટીનો ઠરાવ કરી આપે : 'રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયાજી જે નામ નક્કી કરશે તે અમને શિરોમાન્ય છે.' આ વખતે પણ એ પરંપરા તો જળવાઈ જ છે, પરંતુ રાષ્ટ્રીય અધ્યક્ષાએ મુખ્યમંત્રી પદે કેન્દ્રીય મંત્રીમંડળના સાથીઓ પૈકી જેમનાં નામ જોરશોરથી બોલાઈ રહ્યાં હતા. તેવાં મલ્લિકાર્જુન ખડગે અથવા વીરપ્પા મોઈલીનાં દાવાને નકારી ધારાસભ્યોનું નેતૃત્વ કરતા, દલિત સમાજમાંથી આવતા ધારાસભ્ય પર પસંદગી ઉતારી છે તે એમની રાજકીય સમજદારી સૂચવે છે. બંસલના રાજીનામાથી ખાલી પડેલું રેલ્વે ખાતું હાલ પૂરતું સી.પી.જોષીને સોપાયુ છે પરંતુ પછી યોગ્ય સમયે કર્ણાટકના મજબૂત નેતા અને મુખ્યમંત્રીપદના દાવેદાર મલ્લિકાર્જુન ખડગેના ફાળવવાની વિચારણા પાછળ પણ ૨૦૧૪ની ચૂંટણીમાં આ મહત્ત્વના દક્ષિણ રાજયમાંથી શક્ય એટલી વધુ બેઠકો કબજે કરવાનો જ ઈરાદો વરતાય છે.

૩૦મી જુને રાજ્યમાં નેટની પરીક્ષા લેવાશે

રાજ્યના ૨૬ કેન્દ્રો પરથી નેટની પરીક્ષા લેવાશે

નેટની પરીક્ષામાં કુલ ૩૫૦ ગુણનું પેપર લેવામાં આવશે

અમદાવાદ, તા.૧૧ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા અધ્યાપક બનવા માટે નેટની પરીક્ષા પાસ કરવી ફરજીયાત બનાવવામાં આવી છે. જેના ભાગરૂપે આગામી ૩૦ જુને દેશભરમાં એક સાથે નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (નેટ)ની પરીક્ષા લેવામાં આવશે. ગુજરાતમાં પણ અમદાવાદ સહિત ૨૬ કેન્દ્રો ઉપરથી નેટની પરીક્ષા લેવામાં આવશે.

અધ્યાપક અને જુનિયર રિસર્ચ ફેલોશિપ બનવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ લેવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે ૩૦મી જુને દેશભરમાં નેટની પરીક્ષા લેવામાં આવશે. જેના માટે ગુજરાતમાં અમદાવાદ સહિત ૨૬ કેન્દ્ર ઉપર નેટની પરીક્ષા આપી શકાશે. નેટની પરીક્ષા અરજી કરનાર ઉમેદવારો ૧ ઉમેથી ઓનલાઈન હોલ ટિકિટની પ્રિન્ટ ડાઉનલોડ કરી શકશે. નેટની પરીક્ષામાં કુલ ૩૫૦ ગુણનું પેપર લેવામાં આવશે. જેમાં ઓબ્જેક્ટિવ ફોર્મેટમાં પ્રશ્નો પુછાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ નેટની પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાની સમય મર્યાદા પૂર્ણ થઈ ચૂકી છે. જેમાં ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારોએ ફોર્મ ભર્યો છે. ગત વર્ષ ગુજરાતમાંથી ૭૦૦૦ વિદ્યાર્થીઓએ નેટની પરીક્ષા આપી હતી. જેમાં વિદ્યાર્થીઓને ઓબ્જેક્ટીવ પ્રશ્નો હોવાથી નુકશાન થયું હોવાની ફરીયાદ ઉઠી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ લેવાયેલ નેટની પરીક્ષાનું પરીણામ પણ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. ત્યારે વધુ એક નેટની પરીક્ષા લેવાની જાહેરાત કરાતા વિદ્યાર્થીઓમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે. એટલું જ નહીં રાજ્યમાં દર વર્ષે નિયમીત નેટની પરીક્ષા તો લેવાય છે પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી નથી જેના કારણે નેટ પાસ કરેલા બેકાર ઉમેદવારોની સંખ્યા ગુજરાતમાં વધી રહી છે.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ચિલોડા મોટા શાળાનું પરિણામ

જુ.કે.જી.

નંબર	નામ	ટકા
૧	જાનવી પટેલ	૯૯.૬૦
૨	નીલ દરજી	૯૯.૪૦
૩	અંશ પટેલ	૯૯.૨૦
૩	ધૃમા પટેલ	૯૯.૨૦
સિ.કે.જી.-૧		
૧	ક્રિષા પટેલ	૯૮.૨૦
૨	રૂદ્ર પટેલ	૯૭.૮૦
૨	શ્રેય પટેલ	૯૭.૮૦
૨	ધૃવિલ પટેલ	૯૭.૮૦
૨	ગુરુ પટેલ	૯૭.૮૦
૩	ભવ્ય કુમાવત	૯૭.૨૦
સિ.કે.જી.-૨		
૧	ઓમ પટેલ	૯૯.૬૦
૨	સ્નેહ પટેલ	૯૯.૪૦
૩	ખુશાલ પટેલ	૯૯.૨૦
ધોરણ-૧-એ		
૧	તીર્થા ગજ્જર	૧૦૦
૧	યશ પટેલ	૧૦૦
૨	રીધમ પટેલ	૯૯.૭૫
૨	ભવ્ય પટેલ	૯૯.૭૫
૨	હેલી પટેલ	૯૯.૭૫
૩	દિશા પરમાર	૯૯.૫૦
ધોરણ-૧-બી		
૧	રીયા પ્રજાપતિ	૯૯.૨૫
૨	વેદાંગી ચૌધરી	૯૮.૨૫
૩	વિશ્વા પટેલ	૯૮.૦૦
ધોરણ-૨-એ		
૧	પ્રેમ પટેલ	૧૦૦
૨	અપેક્ષા પ્રજાપતિ	૯૯.૭૫
૩	સુઝલ પટેલ	૯૯.૫૦
ધોરણ-૨-બી		
૧	સુચિત ચૌધરી	૯૮.૦૦
૨	આયુષ કાર્પેન્ટર	૯૭.૫૦
૨	પ્રિયાંશુ સોલંકી	૯૭.૫૦
૩	યશ દેસાઈ	૯૬.૭૫
૩	ક્રિશ પટેલ	૯૬.૭૫
ધોરણ-૩-એ		
૧	માનસી કુમાવત	૯૯.૪૦
૨	આર્યન પટેલ	૯૭.૬૦
૩	હેલી પટેલ	૯૭.૦૦
ધોરણ-૩-બી		
૧	ઈશા ચૌધરી	૯૮.૨૦
૨	ધ્રુવકુમાર માલવણિયા	૯૭.૮૦
૩	તીર્થકુમાર ગોસ્વામી	૯૭.૬૦
ધોરણ-૪-એ		
	વિધી પટેલ	૯૮.૮૦
૧	પ્રિન્સ પટેલ	૯૮.૮૦
૨	યશદીપ કટારિયા	૯૮.૮૦
૨	પ્રિન્સ સોલંકી	૯૮.૬૦
૩	હેમાંસી પટેલ	૯૮.૪૦
ધોરણ-૪-બી		
૧	રૂદ્રા દેસાઈ	૯૯.૮
૨	કેના ચૌધરી	૯૬.૦૪
૨	દૃષ્ટિ પટેલ	૯૬.૪
૩	આર્યન રબારી	૯૬.૨
ધોરણ-૫-એ		
૧	આદર્શ પટેલ	૯૭.૦૦
૨	પ્રતિક પ્રજાપતિ	૯૫.૮૩
૩	રોહન ચૌધરી	૯૫.૦૦
ધોરણ-૫-બી		
૧	હાર્દિકકુમાર પટેલ	૮૯.૬૭
૨	આર્યન ડામોર	૮૭.૫
૩	મુસ્કાન શેખ	૮૬.૮૩
ધોરણ-૫-સી		
૧	હર્ષ પટેલ	૮૩.૦૦
૨	અનંત પટેલ	૮૦.૬૭
૩	આદિત્ય ચૌધરી	૭૮.૦૦
ધોરણ-૬-એ		
૧	ધ્રુવ પટેલ	૯૨.૦૭
૨	હર્ષકુમાર પટેલ	૯૦.૭૯
૩	ઈશા પટેલ	૯૦.૫૦
૩	શ્રેયા ચૌધરી	૯૦.૫૦
ધોરણ-૬-બી		
૧	પ્રાંજલ પટેલ	૮૯.૦૦
૨	ધ્રુવી શેઠ	૮૬.૧૪
૩	હર્ષ ચૌધરી	૮૫.૫૭
ધોરણ-૭-એ		
૧	અર્ચના માલિવાડ	૯૨.૨૧
૨	અર્પણ પટેલ	૯૨.૦૦
૩	યશ પટેલ	૯૧.૮૬
ધોરણ-૭-બી		
૧	જાનકી ભાવસાર	૯૧.૮૬
૨	વિશ્વા રોય	૮૯.૫૭
૩	મોના પટેલ	૮૭.૭૯
ધોરણ-૭-સી		
૧	જીલ પટેલ	૮૭.૫૮
૨	અપૂર્વ પટેલ	૮૭.૩૬
૩	શ્રેયસ ચૌધરી	૮૩.૭૧
ધોરણ-૮-એ		
૧	અનુજ મિસ્ત્રી	૯૨.૯૩
૨	શુભમ પટેલ	૯૨.૭૯
૩	પ્રાચી શર્મા	૯૨.૭૧
ધોરણ-૮-બી		
૧	દર્શન પટેલ	૯૨.૩૬
૨	રીયા પટેલ	૯૨.૦૦
૩	રીતુ પટેલ	૯૦.૫૭
૪	કેયુર પટેલ	૯૦.૫૭
ધોરણ-૮-સી		
૧	અભિષેકકુમાર પટેલ	૯૧.૫૭
૨	દિવ્યકુમાર પટેલ	૮૯.૭૯
૩	વિશ્વા ગૌસ્વામી	૮૯.૪૯
ધોરણ-૯-એ		
૧	દીપ પટેલ	૯૧.૮૪
૨	દિશા ચૌધરી	૯૧.૦૮
૩	હિરલ ભાવસાર	૮૮.૦૮
ધોરણ-૯-બી		
૧	કૃણાલ જોષી	૮૧.૯૭
૨	અશ્વિનકુમાર ચૌધરી	૮૧.૬૨
૩	પાર્થ પટેલ	૮૧.૫
ધોરણ-૯-સી		
૧	અહેસાનઅલી મસી	૭૨.૧૮
૨	પ્રકાશકુમાર ઠાકોર	૭૧.૦૨
૩	હર્ષ પટેલ	૭૦.૦૧

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ માટે જરૂરી દૈનિક કેલરી

ગત લેખાંકમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓએ દૈનિક કેટલી કેલરીવાળો ખોરાક ખાવો જોઈએ તે બાબતે જણાવવાનું થયું હતું. પરંતુ તે અંગેની વિગતો આપતા પહેલાં ધ્યાન ઉપર લાવવાનું કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓની કક્ષામાં ખોરાકની દૃષ્ટિએ અસાધારણ અથવા સૌથી વધારે શ્રમ કે મહેનત કરનાર વ્યક્તિઓને મૂકી શકાય. કારણ કે તેઓએ પણ ખેલાડીઓની માફક દરરોજ ૪ થી ૬ કલાકનો અસાધારણ શ્રમ કરવો પડતો હોય છે.

ફિઝિકલ ફિટનેસ
- કાન્તિભાઈ રા. પટેલ

વિવિધ રમતોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે પસંદ થતાં ભારતનાં ખેલાડીઓની, તેમની રમતોમાં અસરકારક પરફોર્મન્સ માટે જરૂરી દૈનિક કેલરીની વિગતો, સંશોધન દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આ વિગતો ''સ્પોર્ટસ ઑથોરીટી ઑફ ઈન્ડિયા, નેતાજી સુભાષ નેશનલ ઈન્સ્ટીટયુટ ઑફ સ્પોર્ટ્સ, પટીયાલાના ડૉ. શશીકાન્ત ગોસ્વામીનાં **"Nutrition for sports"** નામનાં પુસ્તકમાં જે દર્શાવવામાં આવી છે.

ક્રમ નંબર	રમતનું નામ	ખેલાડીના ૧ કિલો વજન દિઠ દૈનિક જરૂરી કેલરી
(ક) એથ્લેટિક્સ		
૧.	ઝડપી દોડ તથા કૂદ	૬૭.૫
૨.	મધ્યમ દોડ	૬૯.૦
૩.	લાંબી દોડ	૬૪.૮
૪.	સ્ટીયલ ચેઝ	૬૪.૮
૫.	મેરેથોન દોડ	૭૩.૦
૬.	જલદ ચાલ	૮૧.૬
૭.	ફેંક	૭૦.૦
(ખ) પાવર ગેમ્સ		
૧.	જુડો	૭૪.૦
૨.	બોક્સિંગ	૬૮.૪ થી ૭૯.૦
૩.	વજન ઊંચક	૭૬.૦
૪.	કુસ્તી	૭૦.૭
(ગ)	અન્ય રમતો	
૧.	આર્ચરી (ધનુર્વિદ્યા)	૫૦.૬
૨.	બેડમિન્ટન	૬૪.૦
૩.	બાસ્કેટ બોલ	૬૪.૦
૪.	કેનોઈંગ	૫૭.૬
૫.	ક્રિકેટ	૫૫.૩
૬.	સાયકલિંગ	૭૦.૦
૭.	ફેન્સિંગ	૬૫.૫
૮.	ફૂટબોલ	૬૪.૦
૯.	જીમનાસ્ટીક્સ	૫૦.૯
૧૦.	હેન્ડબોલ	૬૪.૦
૧૧.	એકવેસ્ટ્રીયન	૬૦.૦
૧૨.	હોકી	૬૪.૦
૧૩.	કબડ્ડી	૫૩.૫
૧૪.	રોઈંગ	૭૫.૫
૧૫.	સેઈલીંગ	૪૮.૦
૧૬.	સ્કેટીંગ	૬૫.૫
૧૭.	સ્કીઈંગ	૬૫.૦
૧૮.	સ્કવોશ	૬૫.૫
૧૯.	સ્વિમિંગ	૬૭.૧
૨૦.	ટેબલ ટેનિસ	૫૧.૩
૨૧.	ટેનિસ	૬૪.૦

ખેલાડીની દૈનિક જરૂરી કેલરીની ગણતરીનું ઉદાહરણ : ધારો કે રમત બાસ્કેટ બોલ છે અને આ રમતમાં ખેલાડીનું વજન ૭૦ કિલો છે તો તેની જરૂરી દૈનિક કેલરી શોધવા માટે નીચેનાં સૂત્રોનો ઉપયોગ કરીશું.

દૈનિક કેલરી = ખેલાડીનું વજન X રમત માટે ૧ કિલો કેલરી
= ૭૦ X ૬૪ = ૪૪૮૦ દૈનિક કેલરી

બાસ્કેટબોલ રમતના ૭૦ કિલો વજનવાળા ખેલાડીને દૈનિક ૪૪૮૦ કેલરીની જરૂરિયાત રહેશે. આમ દરેક રમત માટે આ રીતે જે તે ખેલાડીની દૈનિક જરૂરિયાતની કેલરી ગણી શકાય. અહીં પુનઃ ધ્યાન ઉપર લાવવાનું કે ગત લેખાંકોમાંથી 'ખોરાકના પદાર્થોમાંથી મળતી કેલરી : લેખાંક ૧ અને ૨'માં દર્શાવવામાં આવેલી વિગતો પણ, ડૉ. શશીકાન્ત ગોસ્વામીના પુસ્તક આધારે આપવામાં આવેલ છે. હવેનાં લેખાંકોમાં, વધારે વજન ઓછું કરવા અથવા તેને પ્રમાણસર વજનની કક્ષામાં લાવવા માટે કયા ઉપાયો હાથ ધરવા તે દર્શાવવામાં આવશે.

ગ્લોરીયસ ગીષ્મોત્સવ...!! ગરમી... ગરમાળો... ગુલમહોરનાં ગરમાવામાં ગોલ્ડન ગીતોનો ગૂંજારવ...!!

ક્રિકેટ કાર્નિવલ સમી આઈ.પી.એલ.નો ઉદ્‌ઘાટન સમારંભ જેમ દબદબાભેર ઉજવાય છે. એમ જ ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ દમામભેર ઉજવાય અને એ કાર્યક્રમ માણવાની સૌની ઈંતેજારી અને ઉત્સુકતા હોય છે. સૌને વંદન અને પ્રણામ સાથે કોયલી ટહુકો કરતો અવાજ હિરેન ભટ્ટનો આવે અને બળબળતા ઉનાળામાં અવાજની ઠંડી છાલક વાગે... કલ્ચરલ ફોરમનાં ૧૮ વર્ષ પૂર્ણ કરી ૧૯માં વર્ષમાં એનો પ્રવેશોત્સવ ઉજવે અને અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી એના દીપ પ્રાગટ્ય માટે પધારે એ દશ્ય જ મનોરમ્ય લાગે...

ગાંધીનગર કલ્ચરણ ફૉરમનાં આંગણએ આ ભવ્ય પ્રસંગ, નિમંત્રણ પત્રિકાઓ પહોંચી ગઈ અને ત્રણ જ દિ' પહેલાં ઈન્ફોસીટી કલબ અને રિસોર્ટ કે જયાં આ જાજરમાન કાર્યક્રમ ગોઠવાયો હોય એનાં માલિક હિતેન બારોટ અચાનક વિદાય લઈ લે... હવે શું? ના સન્નાટામાં શૉ મસ્ટ ગો ઑનનું ગ્રીન સિગ્નલ એમનાં પરિવાર જનો આપે અને બે મિનિટમાં મૌન સાથે આ સંપૂર્ણ ગીષ્મોત્સવનો હૃદયાંજલિથી ફોરમનો ગુલદસ્તો સ્વ. હિરેન બારોટને શ્રદ્ધાંજલિ સહ સસ્નેહ અર્પણ કરવાની જાહેરાત કૃષ્ણકાંત જહા કરીને પરિવારની ભાવનાને ઉજાગર કરી...

વૈશાખ સુદ એકમ એટલે આભ અને ધરતીનાં મિલનની કંકોત્રી લખવાનો દિવસ અને એવાં શ્રેષ્ઠ કલ્ચરલ ફૉરમે એનાં સભ્યોનાં મિલન માટે 'ફોરમ' નામની પત્રિકા એટલે દ્વિમાસિક સામયિકનું વિમોચન કરી એમની યશકલગીમાં એક નવું પીછું ઉમેર્યું... ગરમીમાં દિલને ટાઢક આપતાં તરબૂચ - ગરમાળા બ્લ્યુ આઈસનાં સંગમથી શણગારેલી નિમંત્રણ પત્રિકા અને એવાં જ ત્રણ ટેસ્ટવાળા કાર્યક્રમની રજૂઆત હિન્દી ફિલ્મી સંગીતની સદીના સદાબહાર સ્નેહ ગીતોથી થઈ... રાજકપૂર-નરગીસથી રણબીરકપૂર-નરગીસ ફક્રીના ૧૦૦ વર્ષની ફૂટપટ્ટીમાં સમાયેલા શ્રેષ્ઠ સંગીતનો દોર શરૂ થયો...

હે દિલ... એક એકથી ચઢિયાતા ગીત અને એટલી જ અફલાતૂન રજૂઆત...

હજી ગયાં મહિને જ જેમનો અવાજ સુમસાન થઈ ગયો એવાં શમશાદ બેગમનાં ગીતો - સૈયા દિલ મેં આના રે, રાજા બનકે આનારે, આકે ફીર ના તેરે બીન આગ યે ચાંદની તું આ આજા - ઘર આયા મેરા પરદેશી પ્યાસ બુઝેગી મેરી અખીંયન કી... કાર્યક્રમનાં ઉદ્‌ઘોષક ભીમસીંગ ખરેખર ખૂબ જ સુંદર માહિતી - શુદ્ધ રમૂજો - મિમિક્રી અને ફ્રેશ શાયરીઓ સાથે જ રીતે કાર્યક્રમને ગતી આપવામાં અને શ્રોતાઓને બાંધી રાખતાં હતા એ કાબીલે દાદ હતું... ગાયક અને સંગીતાકરો વચ્ચેનો તાલમેલ બનાવી રાખીને એન્કરે રંગ રાખ્યો હતો...

ગીષ્મોત્સવથી ગાંધીનગર કલ્ચરલ ફૉરમનો ૧૯માં વર્ષમાં પ્રવેશોત્સવ... હિંદી ફિલ્મી સંગીતનાં સદીના શ્રેષ્ઠ સ્નેહ ગીતોની યાદગાર સફર સાથે સંસ્થાના પાંચ હજાર પરિવાર સાથેનો પ્રણય ગાઢ કરવાં 'ફૉરમ' સામયિકનું નવું નેટવર્ક મેદાનમાં ઉતાર્યું

ફિલ્મોમાં સંગીતની શરૂઆત ૪૦નાં દસકથી થઈ એ જમાનો શમશાદ બેગમ - નૂરજહાં - સૂરૈયાનો હતો. નૌશાદનું સંગીત સાથેનાં ગીત અફસાના લીખ રહી હૂં, દિલે બેકરાર કા આંખોમેં રંગ ભરકે... જીયા બેકરાર હે છાઈ બહાર હે આજા મોરે બાલમા તેરા ઈંતજાર હૈ... અખીંયા મિલાકે, જીયા ભરમાકે ચલે નહીં જાના ('રતન'નું જોહરાબાઈ અંબાલાવાલા) અને એની સાથે જ સી. રામચંદ્રનું સંગીતબદ્ધ કરેલું મેરે પિયા ગયે રંગૂન વહાંસે કિયા હૈ ટેલીફુન તુમ્હારી યાદ સતાતી હૈ... બ્લેક એન્ડ વ્હાઈટનાં જમાનામાં આ ગીતો આજેય અમર છે...

૧૯૫૦થી રાજકપૂરનો સૂર્ય તપવા લાગ્યો, રાજકપૂરની ફિલ્મમાં સંગીતનું મહત્ત્વ વધારે રહેતું હતું અને એની મેડલી આસુ થઈ... કિસી કી મુસ્કુરાયેલ પે હો નિસાર, કિસી કા દર્દ લે સકે લે ઉધાર - વૉ ચાંદ ખીલા તો તારે હંસે યે રાત અજબ મતવાલી હૈ, સમજને વાતે સમજ ગયે હૈ ના સમજે નો અનાડી હૈ - પ્યાર હુઆ ઈકરાર હુઆ હૈ પ્યાર સે ફીર કયું ડરતા જાનારે છમછમા છમ - કભી આર કભી પાર લાગા તીરે નજર... શમશાદનો અવાજ આપનારી સારેગામાપા ફેઈમ યાશીતા યશપાલ હજી તો ૨૦-૨૨ વર્ષની છે, પણ એનો વર્સેટાઈલ અવાજ ખરેખર સૌને હેરત પમાડે એવો જ હતો.. રફીનાં અવાજમાં આવેલા વિશ્વનાથ બાટૂંગે પણ એટલો જ સશક્ત ગાયક હતો... ૧૯૫૭માં ૧૭ ફલૉપ ફિલ્મો આપ્યા બાદ 'તુમસા નહીં દેખા' ફિલ્મથી જામેલા શમ્મી કપૂરનાં ગીતોની રમઝટ જામી... યું તો હમને લાખ હસીં દેખે હૈ તુમસા નહીં દેખા - જવાનીયાં યે મસ્ત મસ્ત બિન પીયે - માંગ કે સાથ તુમ્હારા મૈને માંગ લીયા સંસાર - ઉડે જબ જબ જુલ્ફે તેરી કંવારીઓનાં દિલ મચલે... વાહ દિલ ગાર્ડન ગાર્ડન હો ગયા...

ઊઘડતે પડદે
- સંજય થોરાત

એક જમાનો હતો જયારે સારાં ગીતો હૉલસેલમાં આવતાં હતાં. જયારે આજે રિટેઈલમાં આવે છે. શંકર - જયકિશનનાં બે ઑલ ટાઈમ ગ્રેટ ગીતો - લક્ષ્મી-પ્યારેનું મિલનું ગીત સાવન કા મહિના પવન કરે સોર ગીત ઉપડી ગયું અને એની પછી 'રોશન'નું સંગીતબદ્ધ આશાની કવ્વાલી નિગાહેં મિલાને કો જી ચાહતા હૈ, દિલો જાં લૂટાને કો જી ચાહતા હૈ, અવાજ એટલે આંખ બંધ કરો તો એમ જ લાગે કે ઓરિજિનલ સોંગ વાગી રહ્યું હોય... રોમાંટીક દેવાનંદની સફર ચાલુ થઈ... ગાતા રહે મેરા દિલ, તુ હી મેરી મંઝીલ હાય... કોહીનુર અને દિલીપકુમારનુ મધુબનમેં રાધીકા નાચે રે ગીરધર કી મુરલીયા બાજે રે... ગાયકી સાથે તબલચી અને સિતારવાદકે મંત્રમુગ્ધ કરી દીધા...

'કિસ્મત'નું કજરા મુહબ્બત વાલા, અખીયો મેં ઐસા ડાસા અને જુમકા ગીરા કે બરેલી કે બાઝાર મેં... આર.ડી. બર્મનનાં ગીતો... ઓ મેરે સોને સોના રે સોના - આજા આજા મેં હૂ પ્યાર તૈરા, અલ્લા અલ્લા ઈનકાર તેરા ના મધઝરતાં ગીતો બાદ ફરી દેવાનંદનાં ઈતનાં મધુર ઈતરના મધુર તેરા મેરા પ્યાર - તેરે મેરે સપનેં અબ એક રંગ હૈ... ૧૯૭૦માં રાજેશખન્ના અને અમિતાભની એન્ટ્રી થઈ અને એમનાં ગીતો ચાલ્યા... કભી કભી મેરે દિલ મેં ખ્યાલ આતા હૈ, કે જૈસે તુઝ કો બનાયા ગયા હૈ મેરે લીયે... ભઈ વાહ...

હિટસ્ ઑફ રાજેશખન્નામાં ગુલાબી આંખે જો તેરી દેખી - મેરે સપનોં કી રાની કપ આયેગી તું - જય જય શિવશંકર કાંટા લાગેનાં કંકર-જિંદગી ઈક સફર હૈ સુહાના, યહાં કલ કયા હો કિસને જાના... મદન મોહનનું હંસતે જખ્મનું ૧૨૫ મ્યુઝિશિયન સાથે તૈયાર થયેલું ગીત તુમ જો મીલ ગયે હો યે લગતા હૈ આ ગીતમાં ખાંડેકર બ્રધર્સમાંનાં ગિટાર, સિતાર, ઑર્ગન, ફલ્યૂટ, કલેરોમેટ, સેક્સોફોનનો ઉપયોગ કર્યો એ પરથી જ સિદ્ધ થાય કે આટઆટલાં વર્ષો બાદ પણ એ ઓરકેસ્ટ્રા કેમ ટોપ પર છે... આ ગીત વન્સમોર મેળવી ગયું...

સત્તે પે સત્તાના ગીત સાથે બચ્ચનનાં ગીતોની પેરોડી શરૂ થઈ... દિલબર મેરે કબ તક મુઝે ઐસે હી તડપાઓનો - દેખા એક ખ્યાબ તો યે સિલસિલે હુએ દૂર તક નિગાહ મેં હે ફૂલ ખેલી હુએ... આ ગીતના ગાયિકા આનલ વસાવડાનો રિયાઝી કંઠ દેખાઈ આવ્યો... ૧૯૮૦નું સુપરહીટ 'હિરો' ફિલ્મનું રેશમાનાં અવાજમાં ગવાયેલું ગીત લંબી જુદાઈ ચાર દિનો કા નાં ગીતમાં ફલ્યૂટ વાદક એકાગ્ર થઈને મીઠાં સૂર રેલાવી ગયો... ૧૯૯૦માં આમીર - શાહરૂખનો ટેન્ડ્ આવ્યો.... પહેલા નશા, પહેલા ખૂમાર નયા પ્યાર હૈ નયા ઈંતજાર - તુજે દેખા તોયે જાના સનમ પ્યાર હોતા હૈ દિવાના સમન.... ૨૦૦૦માં હિમેશ રેશમીયા જોરમાં આવ્યાં અને એમનું ભીગે હોઠ તેરે પ્યાસા યે દિલ મેરા, વો વો ઓઓ નાં ગીતનો ગાયક ભૂમિક શાહ છવાઈ ગયો...

'ભૂલભૂલૈયા'ની કલાસીકલ ગીર 'મેરે ઢોલનાં સુન મેરે પ્યાર કી ધૂન' આ ગીતને પુરા ૧૦૦ માર્કસ આપવા પડે, ગાવામાં અત્યંત અઘરૂં અને ગારાના એકદમ યુવાન છતાંય જે જાન રેડીને ગાયું... કલાસીકલી જામ્યુ... રાહત ફતેઅલીનું તેરે વાસતે મેરા ઈશ્ક સુફિયાના મેરા ઈશ્ક અને છેલ્લે ઝુમ બરાબર ઝુમ બરાબર ઝુમ... બૉસ આખ્ખે આખ્ખો કાર્યક્રમ જબરદસ્ત... ગાયક - સંગીતકાર - શ્રોતાઓનો અદ્‌ભૂત તાલમેલ... કલ્ચરલ ફોરમનો આ કાર્યક્રમ એટલે શેરડીનાં રસનાં મીઠા ઘૂંટડા... અભિનંદન...

ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટના સર્વેસર્વા સ્વ. હિતેન બારોટને ગ્રીષ્મોત્સવનો હૃદયાંજલિથી ફૉરમનો ગુલદસ્તો શ્રદ્ધાંજલિ રૂપે અર્પણ

શમશાદ થી શ્રેયા ઘોષાલ, રફીથી રાહતફતે અલી નાં કંઠના ગીતો અને રાજકપૂર-નરગીસથી રણબીરકપૂર-નરગીસ ફક્રી વચ્ચેની સદીના પટમાં પથરાયેલા રોમેંટીક ગીતોના ગુલદસ્તામાં ગાયકો અને સંગીતકારોએ મધ્ય રાત્ર સુધીની મહેફીલમાં શ્રોતાઓને શેરડીનાં રસ જેવાં મીઠાં ઘૂંટડા ભરાવ્યાં